ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૨૫-૦૮-૨૦૨૧

## ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે નમો એપ અભિયાનની પ્રશિક્ષણ બેઠક યોજાઇ

---

## નમો એપ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું વિઝન છે- શ્રી સી.આર.પાટીલ

---

ભારતીય જનતા પાર્ટી એક અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે નમો એપ અભિયાનની પ્રશિક્ષણ બેઠક યોજાઇ હતી.આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ વરચ્યૂલી ઉપસ્થિતી રહ્યા સાથે દિલ્હીના મહામંત્રીશ્રી કુલદિપસિંહ ચહલ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે નમો એપ વધુમાં વધુ કાર્યકરો સહિત લોકો કેવી રીતે ડાઉનલોડ કરે તેવા પ્રયાસ થાય તે અંગે આહવાન કર્યુ હતું સાથે જણાવ્યું કે ટેકનોલોજીના જમાનામાં દરેક લોકો ટેકનોલોજીથી ખંભે થી ખભો મીલાવે અને નમો એપ જે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું વિઝન છે અને વડાપ્રધાનશ્રી પણ ઇચ્છે છે કે દરેક લોકો નમો એપ વિશે વધુમાં વધુ માહીતી મેળવી ડાઉનલોડ કરી ઉપયોગ કરે. નમો એપમાં કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓ સહીત વિવિધ યોજનાઓ પણ એપના માધ્યમથી લોકોને પહોંચાડવામાં મદદ રૂપ થશે.

આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીએ દિલ્હીથી પધારેલા મહામંત્રીશ્રી કુલદીપસિંહ ચહલજીનું અભિવાદન કરતા જણાવ્યું નમો એપ દરેક કાર્યકર માટે કેટલી ઉપયોગી છે સાથે દરેક કાર્યકર ને નમો એપથી જ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની માહીતી મળી રહેશે જેથી વધુમાં વધુમાં લોકોને એપ ડાઉનલોડ કરાવવા આહવાન કર્યુ હતું.

આ બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલાજીએ જણાવ્યું કે હાલના સમયમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ વધી રહ્યો છે અને નમો એપથી આપણી સોશિયલ મીડિયા ટીમ દ્વારા કેન્દ્ર સરકારની કામગીરી પણ લોકો જાણી શકશે તેમ જણાવ્યું હતું. યુવાનોને કેન્દ્ર સરકારની દરેક યોજનાની નમો એપથી સરળતાથી માહીતી મળશે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની ભાજપની સરકારે કરેલ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

અત્યાર સુધીના લોકકલ્યાણ અને રાષ્ટ્રહીતના કાર્યોની માહીતી પણ નમો એપથી સરળતાથી મળી રહેશે તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં દિલ્હી પ્રદેશના મહામંત્રીશ્રી કુલદીપસિંહ ચહલજીએ નમો એપના પ્રેઝન્ટેશન દરમિયાન એપ વિશે  કાર્યકરોને માહીતી આપી હતી. નમો એપ એક સોશિયલ એપ્લિકેશન છે. કાર્યકરોએ નમો એપ વિષે વધુમાં વધુ  કાર્યકરો સહિત જનતા સુધી કેવી રીતે માહીતી પહોચાડવી, એપથી શું ફાયદો થાય તે અંગે ઉંડાણપૂર્વક માહીતી સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નમો એપનું પ્રેજન્ટેશન અને વધુ માહિતી દિલ્હી થી પધારેલા શૈલેષભાઈ પાંડેએ આપી હતી.

આ બેઠકમાં પ્રદેશના મહામંત્રીશ્રીઓ ભાર્ગવભાઇ ભટ્ટ,રજનીભાઇ પટેલ ,સોશિયલ મીડિયાના ઇન્ચાર્જશ્રી સિદ્ધાર્થભાઇ પટેલ, સહઇન્ચાર્જશ્રી મનનભાઇ દાણી,આઇટી વિભાગના ઇન્ચાર્જશ્રી નીખિલભાઇ પટેલ અને સહઇન્ચાર્જશ્રી મહેશભાઇ મોદી,સહ પ્રવક્તા ભરતભાઈ ડાંગર,યુવા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી ડો.પ્રશાંતભાઇ કોરાટ,મહિલા મોરચાના પ્રમુખશ્રી ડો.દીપિકાબેન સરડવા,કિશાન મોરચાના પ્રમુખશ્રી હીતેશભાઇ પટેલ,બક્ષીપંચ મોરચાના પ્રમુખશ્રી ઉદયભાઇ કાનગડ, અનુસુચિત જાતિના પ્રમુખશ્રી પ્રદ્યુમનભાઇ વાંજા, જીલ્લા અને મહાનગરના મહામંત્રીશ્રીઓ સાથે યુવા મોરચાના જીલ્લા મહાનગરના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ અને આઇટી અને સોશિયલ વિભાગના જીલ્લા ઇન્ચાર્જ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)